## સી-ફેસ જવા વીકએન્ડમાં થતાં ટ્રાફિક જામના ઉકેલ માટે એરપોર્ટના ગેટથી છેક લંગર સુધી

# નવા 6 રસ્તા ડુમસની સિકલ બદલશે

**વીકેન્ડમાં** 2 કલાકનો જામ માત્ર 30 મિનિટમાં હળવો થઈ જશે; એક રોડનું 80 ટકા કામ પૂર્ણ

સુરતઃ સુરતીઓનું સૌથી મનપસંદ વીકેન્ડ ડેસ્ટિનેશન એટલે ડુમસ ચોપાટી અને સી-ફેસ. જો કે, શનિ-રવિની સાંજે પરિવાર સાથે ડુમસ જવા નીકળતા લોકો માટે એરપોર્ટ રોડથી જ ભારે ટ્રાફિક જામ માથાનો દુખાવો બની જતો હતો. દર વીકેન્ડે અહીં 2 થી 3 કલાક લાંબો ટ્રાફિક જામ સામાન્ય થઈ ગયો હતો. સુરતીઓની આ સમસ્યાનો કાયમી ઉકેલ લાવવા માટે સુરત મહાનગરપાલિકા (SMC) અને રોડ એન્ડ બિલ્ડિંગ વિભાગ (RBB) દ્વારા એક મોટો માસ્ટર પ્લાન અમલમાં મૂકવામાં આવ્યો છે. તાજેતરમાં જ મહાનગર પાલિકા દ્વારા રસ્તાઓ પહોળા કરવાની જાહેરાત કરવામાં આવી જ હતી પરંતુ જાણવા જેવું એ છે કે, ભીમપોરના લંગરથી ડુમસ સી-ફેસ જવા-આવવા માટે હવે કોઈ એકાદ રસ્તો નહીં, પણ પૂરા 6 અલગ-અલગ આઈકોનિક રસ્તાઓનું એક અદભુત નેટવર્ક તૈયાર થઈ રહ્યું છે. આ આખો પ્રોજેક્ટ અત્યંત આધુનિક પ્લાનિંગ સાથે તૈયાર કરાઈ રહ્યો છે. અત્યારના સાંકડા અને સિંગલ રસ્તાઓની જગ્યાએ હવે પેરિસ અને દુબઈ જેવા આંતરરાષ્ટ્રીય સ્તરના શહેરોની તર્જ પર 60 મીટર પહોળા (આશરે 200 ફૂટ) ભવ્ય રોડ બનાવવામાં આવી રહ્યા છે. આ કામગીરી અલગ-અલગ મોડલ પર એટલે કે કોઈ રોડ પીપીપી (PPP) ધોરણે, કોઈ રોડ RBB દ્વારા તો કોઈક રોડની કામગીરી સુરત મનપા દ્વારા શરૂ કરાઈ છે. તંત્રના જણાવ્યા મુજબ, એક મુખ્ય આઈકોનિક રોડની કામગીરી RBB દ્વારા 80 ટકા જેટલી પૂરી પણ કરી દેવાઈ છે, જેથી ખૂબ જ ટૂંક સમયમાં આ રસ્તો લોકો માટે ખુલ્લો મૂકાશે અને ટ્રાફિકનું ભારણ અડધું થઈ જશે. તંત્રને અપેક્ષા છે કે આ તમામ 6 રસ્તાઓ કાર્યરત થયા બાદ વીકેન્ડનો ગમે તેવો ભારે જામ પણ માત્ર 30 મિનિટમાં ક્લિયર થઈ જશે. સુરત મનપાના સૂત્રોના જણાવ્યા મુજબ, આગામી ચોમાસાની શરૂઆત સુધી રસ્તાના વાઈડનિંગ, માટીપુરાણ અને રિડેવલપિંગની અન્ડરગ્રાઉન્ડ કામગીરીઓ પૂરજોશમાં ચાલુ રાખવામાં આવશે, જેથી વરસાદ પછી તરત જ ફાઈનલ કાર્પેટિંગનું કામ પૂરું કરી શકાય.

NATA
ENTRANCE EXAM PREPARATION 2025-26
10th To 12th & DIPLOMA
ARCHITECT
INTERIOR
JEE-2
NID
FINE ARTS
GAJENDRA MAJITHIA
New citylight
91-98251-47447

### ક્યા છ રસ્તાઓ ડુમસનો નકશો બદલી નાખશે ?


- **એરપોર્ટ ગેટથી ONGC વાલ્વ સ્ટેશનઃ** આ મુખ્ય સેક્શન પર 60 મીટર પહોળો અને 2200 મીટર લાંબો ભવ્ય આઈકોનિક રોડ આકાર લઈ રહ્યો છે.
- **વાલ્વ સ્ટેશનથી ભીમપોર બે ફાંટાઃ** RBB દ્વારા આ 1800 રનિંગ મીટર લાંબા અને 60 મીટર પહોળા રોડનું કામ 80 ટકા પૂરું કરી દેવાયું છે, જે ટૂંક સમયમાં જ શરૂ થશે.
- **બે ફાંટાથી ભીમપોર લંગરઃ** પહેલાં આ ટીપી રોડ માત્ર 12 મીટરનો જ હતો. હાલમાં 20 મીટરનો કબ્જો લઈ વાઈડનિંગનું કામ ચાલુ છે, જેને ભવિષ્યમાં પૂરો 60 મીટર પહોળો કરાશે.
- **લંગરથી સી-ફેસ અને વોર્ડ ઓફિસથી દરિયા ગણેશઃ** આ કનેક્ટિંગ રોડને 18 મીટર પહોળો કરવામાં આવી રહ્યો છે. આ માટે ફોરેસ્ટ વિભાગ પાસેથી કબ્જો મેળવવાની કાયદાકીય કામગીરી પ્રગતિમાં છે.
- **કુવાડાથી વિક્ટોરિયા પામ (નવો TP રોડ):** ટ્રાફિકના વિકલ્પ તરીકે આ નવો 24 મીટર પહોળો રોડ બની રહ્યો છે. હાલમાં ત્યાં માટીપુરાણની કામગીરી પૂરી થઈ ચૂકી છે અને ચોમાસા બાદ ડામર પાથરવામાં આવશે.
- **અગાસી માતા મંદિરથી ઈન્દ્રરાજ ફાર્મઃ** આ એક નવો લિંક રોડ બનાવવામાં આવશે. રોડ નંબર 5 અને 6 મુખ્યત્વે ડુમસ સી-ફેસથી પરત સુરત શહેર તરફ આવવા માટે વન-વે તરીકે વપરાશે, જેથી ગ્રામજનો અને પર્યટકો બંનેની મુશ્કેલીઓનો અંત આવશે.

### આઈકોનિક રોડને થીમ આધારિત ફેન્સી લાઈટિંગ અને ગ્રીન કોરિડોરથી સજાવાશે

આ પ્રોજેક્ટ માત્ર સિમેન્ટ-કોંક્રિટના રસ્તા પૂરતો મર્યાદિત નથી પણ તેને સુરતની નવી ઓળખ બનાવવામાં આવશે. રસ્તાની બંને બાજુએ આકર્ષક લેન્ડસ્કેપિંગ, સાયકલ ટ્રેક અને પદયાત્રીઓ માટે આલીશાન ફૂટપાથ બનશે. રાત્રિના સમયે રોડ ઝળહળી ઉઠે તે માટે ખાસ થીમ-બેઝ્ડ ફેન્સી લાઈટિંગ અને હજારો નવા ઘટાદાર વૃક્ષો વાવીને ગ્રીન કોરિડોર તૈયાર કરાશે. એરપોર્ટ પર ઉતરતા દેશ-વિદેશના પ્રવાસીઓ માટે સુરતનું આ ફર્સ્ટ ઈમ્પ્રેશન આકર્ષણનું કેન્દ્ર બનશે.

### રૂપિયા 7.13 કરોડના અંદાજિત ખર્ચે રોડ બનશે

આ છ આઈકોનિક રોડ કુલ 7.13 કરોડના અંદાજિત ખર્ચે બની રહ્યાં છે, જેમાં ભીમપોર બે ફાંટાથી લંગર સુધીના 60 મીટર રોડ માટે 1.67 કરોડ, કુવાડાથી વિક્ટોરીયા પામ સુધીના રોડ માટે 1.54 કરોડ, અગાસી માતાના મંદિરથી ઈન્દ્રરાજ ફાર્મ સુધીના રોડ માટે 1.44 કરોડ, ડુમસ લંગરથી વોર્ડ ઓફિસ સુધીના રોડ માટે 30.40 લાખ લાખ, વોર્ડ ઓફિસથી દરિયા ગણેશ મંદિર સુધીના રોડ માટે 93.10 લાખ અને ડુમસ ચોપાટીથી ચર્ચ સુધીના રોડ માટે 1.25 કરોડનો ખર્ચ એમ કુલ 7.13 કરોડનો ખર્ચ કરવામાં આવશે.







### ગેસની અછતના કારણે મજૂરાગેટની મશાલ ઓલવાઇ ગઇ..!



સોશિયલ મીડિયાના ક્રિએટર્સ કોઇને કોઇ બાબતે લોકોનું ધ્યાન ખેંચતા રહે છે ત્યારે સોમવારે સુરતમાં એક રમૂજી વીડિયો ફરતો થયો હતો. આમ તો મજૂરાગેટ પર આવેલા આઇલેન્ડમાં મશાલ લઇને ઉભેલા યુથની મશાલ તો બંધ જ છે પરંતુ ગેસની અછતના કારણે તે બંધ થઇ ગઇ હોવાના સોશિયલ મીડિયા પર ફરતા થયેલા વીડિયોએ ધૂમ મચાવી દીધી હતી. (તસવીર : હેમંત ડેરે)

## રાંદેરમાં સિગારેટ પીવા બાબતે યુવકની હત્યા: બે પકડાયા

**નેપાળ** ભાગી જવાની તૈયારી કરતા બન્ને આરોપીને રાંદેર પોલીસે દબોચી લીધા

સુરતઃ રાંદેરમાં હત્યાની ઘટનાને પગલે પોલીસ અધિકારીઓ દોડતા થઈ ગયા હતા. ક્રાઈમ કેપિટલ બની રહેલા સુરત શહેરમાં ધોળા દિવસે હત્યાઓનો સિલસિલો બેરોકટોક આગળ વધી રહ્યો છે. સરેઆમ હત્યાની ઘટનાઓને પગલે શહેરીજનોમાં પણ પોલીસની કામગીરી સામે સવાલો ઉઠવા પામ્યા છે. રામનગર સ્થિત સરકારી વસાહત પાસે ગત રાત્રે સિગારેટ પીવાની બાબતમાં સામાન્ય બોલાચાલી થતાં 33 વર્ષીય યુવકની હત્યા બાદ સગીર સહિત બે હુમલાખોર નાસી છૂટ્યા હતા. આનંદ મહલ રોડ પર પારસ નગર સોસાયટીમાં રહેતા 33 વર્ષીય અમર દૌલતભાઈ પંજવાણી ગેરેજ ચલાવતા હતા. ગત રોજ સાંજનાં સમયે પાનનાં ગલ્લા પર સિગારેટ પીવા માટે ઉભો હતો. ત્યારે શ્રવણ ઉર્ફે ગોપાલ વસાવા અને કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોર પણ ત્યાં સિગારેટ પીવા માટે ગયા હતા.ત્યાં ત્રણેય જણા ભેગા થયા હતા. તે દરમિયાન સિગારેટ બાબતે બોલાચાલી અને ગાળાગાળી થઈ હતી. સામાન્ય બાબતમાં માઠું લાગી આવતાં સગીર પોતાનાં ઘરે પહોંચ્યો હતો.

ઉશ્કેરાયેલો બાળકિશોર ઘરેથી રસોડાનું ચપ્પુ લઈ આવ્યો અને મિત્ર શ્રવણ ઉર્ફે ગોપાલને ફોન કરી ફરી મળવા બોલાવ્યો હતો. શ્રવણ મૃતક અમરને પણ સાથે લઈ આવ્યો હતો.ત્રણેય મોપેડ પર સિગારેટ પીવા જતા હતા ત્યારે ફરી બાળ કિશોરે મને ગાડી ચલાવવા દે કહી ફરી ઝઘડો શરૂ કર્યો હતો. રામનગર સરકારી વસાહત પાસે મૃતકે મોપેડ ઉભી રાખતા જ બાળકિશોરે આવેશમાં આવી અમરની છાતીમાં ચપ્પુનો ઘા મારી દીધો હતો. ગંભીર ઈજાના કારણે અમરનું મોત નિપજ્યું હતું. હત્યા બાદ બંને આરોપીઓ નાસી ગયા હતા .આ ઘટના અંગે જાણ થતાં જ પોલીસનો કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો અને આરોપીઓને ઝડપી પાડવાનાં ચક્રો ગતિમાન કર્યા હતા. પોલીસ દ્વારા અલગ અલગ ટીમો બનાવીને સીસીટીવી કેમેરા સહિતની દિશામાં તપાસ હાથ ધરતાં અમર પંજવાણીની હત્યામાં સંડોવાયેલ સગીર સહિત ૧૯ વર્ષીય શ્રવણ ઉર્ફે ગોપાલ રાજેશ વસાવા (રહે. શિવગંગા નગર ઝુંપડપટ્ટી, ઉગત કેનાલ રોડ, રાંદેર)ને ઝડપી પાડીને વધુ તપાસ હાથ ધરી છે બંને જણા નેપાળ ભાગવાની પેરવીમાં હતા.

## 'પુત્રીને મેસેજ કેમ કરે છે' તેમ કહેવા જતાં પિતા પર કાતરથી હુમલો

**હુમલાખોર** યુવકે માથા અને ખભાના ભાગે ઘા ઝીંક્યા, આધેડને હોસ્પિટલમાં ૨૫ ટાંકા આવ્યા

સુરતઃરાંદેર વિસ્તારમાં દીકરીને ફોન અને મેસેજ કરવા બાબતે ઠપકો આપવા ગયેલા આધેડ પિતા પર 21 વર્ષીય યુવકે કાતર વડે જીવલેણ હુમલો કરી લોહીલુહાણ કરી નાંખ્યાની ઘટના સામે આવી છે. ગંભીર રીતે ઘવાયેલા આધેડને તાત્કાલિક ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે, જ્યાં તેમના શરીર પર અલગ-અલગ ભાગે કુલ ૨૫ ટાંકા લેવા પડ્યા છે.

રાંદેર ઉગત કેનાલ રોડ પર આવેલી શિવગંગાનગર ઝૂંપડપટ્ટીમાં રહેતા ૪૫ વર્ષીય રાજેશભાઈ રૂપચંદ બોર્ડે ચોકબજાર શનિવારી-રવિવારી બજારમાં બૂટ-ચંપલ વેચી તેમજ ઘરે રિપેરિંગ કામ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. તેમની ૧૭ વર્ષીય મોટી દીકરી પાયલને તે જ વિસ્તારમાં રહેતો શ્યામ ઘનસિંગ કાટોટે (ઉં.વ. ૨૧) નામનો યુવક ફોન અને મેસેજ કરીને હેરાન કરતો હતો. ગઈકાલે રવિવારે સવારે રાજેશભાઈ ચોકબજારથી ધંધો પતાવી પરત ફર્યા બાદ સાડા દસેક વાગ્યાના અરસામાં રાંદેર ઝઘડિયા ચોકડી પાસે પવનપુત્ર હાર્ડવેરની સામે આવેલા શેરૂ સલૂનની દુકાને ગયા હતા. ત્યાં આરોપી શ્યામ કાટોટે હાજર હોવાથી રાજેશભાઈએ તેને તું મારી દીકરીને કેમ ફોન અને મેસેજ કરે છે? તેમ કહી ઠપકો આપ્યો હતો. આ સાંભળી ઉશ્કેરાયેલા શ્યામે ગાળાગાળી કરી ઝપાઝપી શરૂ કરી દીધી હતી.

વચ્ચે બચાવમાં રાજેશભાઈએ તેને ચાર-પાંચ ઝાપટ મારી દેતા આરોપી શ્યામ વધુ હિંસક બન્યો હતો અને તમને જાનથી મારી નાખીશ તેવી ધમકી આપી સલૂનમાં પડેલી કાતર ઉઠાવી રાજેશભાઈ પર તૂટી પડ્યો હતો. આરોપીએ કાતરના ઘા ઝીંકી રાજેશભાઈને માથામાં, ડાબા ખભા પર, ડાબી આંખ પાસે અને કપાળના ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડી સ્થળ પરથી ભાગી છૂટ્યો હતો.

હુમલાને પગલે લોહીલુહાણ થઈ ગયેલા આધેડ જેમ-તેમ કરી પોતાની મોપેડ પર ઘરે પહોંચ્યા હતા અને મિત્ર તથા સાળાને જાણ કરતા તેમને તાત્કાલિક રિક્ષામાં ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. હોસ્પિટલના તબીબોના જણાવ્યા મુજબ, આધેડને માથાના ભાગે ૯ ટાંકા, ડાબા ખભા પર ૧૨ ટાંકા, કપાળે ૪ ટાંકા અને ડાબી આંખ પાસે ૩ ટાંકા આવ્યા છે. હાલ રાંદેર પોલીસે આ અંગે ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

## વરાછા બેંક બની સુરતની વધુ એક શિડ્યુલ બેંક

**ગુજરાતની** 211 અર્બન કો-ઓપ. બેંકોમાં માત્ર 7ને જ માન્યતા

**વર્ષ** 2000 બાદ આ સિદ્ધિ મેળવનારી પ્રથમ બેંક

સુરતઃ સુરતની અગ્રણી સહકારી બેંકોમાં સ્થાન ધરાવતી ધી વરાછા. ઓપરેટિવ બેંક લિમિટેડને "મલ્ટી સ્ટેટ શિડયુલ્ડ કો-ઓપરેટિવ બેંક" તરીકે સત્તાવાર દરજ્જો પ્રાપ્ત થતા સહકારી બેંકિંગ ક્ષેત્રમાં ગૌરવની લાગણી વ્યાપી છે.

બેંકના નવનિયુક્ત ચેરમેન નરેન્દ્ર ભાઈ કુકડિયા અને વાઈસ ચેરમેન સીએ. હરેશભાઈ કાપડિયા એ જણાવ્યું હતું કે,"વર્ષ 1995માં સ્થાપિત થયેલી વરાછા કો-ઓપ. બેંકે માત્ર 30 વર્ષના ગાળામાં પારદર્શક વહીવટ, મજબૂત નાણાકીય શિસ્ત, ગ્રાહકકેન્દ્રિત સેવાઓ અને ટેક્નોલોજી આધારિત બેંકિંગ સુવિધાઓના બળ પર રાજ્ય તેમજ રાષ્ટ્રીય કક્ષાએ આગવી ઓળખ ઊભી કરી છે. વર્ષ 2000 પછી ગુજરાતમાં આ સિદ્ધિ મેળવનારી વરાછા કો-ઓપ. બેંક એકમાત્ર બેંક બની છે. હાલમાં બેંક 30 શાખાઓ દ્વારા 5.07 લાખથી વધુ ગ્રાહકોને સેવા આપી રહી છે.

નરેન્દ્ર ભાઈ કુકડિયા એ વધુમાં જણાવ્યું હતું કે," શિડયુલ્ડ બેંકનો દરજ્જો મળતા હવે ગ્રાહકોને ASBA, RERA અને Demat એકાઉન્ટ જેવી અદ્યતન સુવિધાઓ પણ ઉપલબ્ધ બનશે. તેમણે આ સિદ્ધિને સભાસદો, ગ્રાહકો અને કર્મચારીઓના વિશ્વાસ તથા સહકારનું પરિણામ ગણાવી ભવિષ્યમાં વધુ આધુનિક અને વિસ્તૃત બેંકિંગ સેવાઓ આપવાનો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

### કતારગામમાંથી મૃત નવજાત બાળકી મળી

સુરતઃ કતારગામ વિસ્તારની અવધૂત નગર સોસાયટી પાસે મોડી રાત્રે જાહેર રોડ પરથી એક પ્લાસ્ટિકની થેલીમાંથી એક દિવસ પહેલા જન્મેલી નવજાત બાળકીનું મૃત હાલતમાં મળી આવી હતી. ચોકબજાર પોલીસે આ મામલે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. જાગૃત નાગરિકનો કોલ મળતા જ કતારગામ પોલીસ ત્યાં પહોંચી હતી. તેમણે સીસીટીવી કેમેરા ચેક કરવા ઉપરાંત આજુબાજુના વિસ્તારમાં તપાસ કરવા છતાં નવજાત બાળકીના કોઈ વાલી-વારસ મળી આવ્યા ન હતા. પ્રાથમિક દ્દષ્ટિએ કોઈ અજાણી મહિલા કે પુરુષે પોતાનું પાપ અથવા જન્મ છૂપાવવાના ઈરાદાથી બાળકીને આવી હાલતમાં ત્યજી દીધી હોવાનું જણાતા, પોલીસે બાળકીને પહેલા જોનાર હેમંતભાઇ ઘોઘારીની ફરિયાદના આધારે અજાણ્યા વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## પાંડેસરામાં વાહનોમાં તોડફોડ કરી દંપતી પર હુમલો

**નાગસેન** નગરના ચાર માથાભારે શખ્સોએ આવિર્ભાવ સોસાયટીને બાનમાં લીધી

સુરતઃપાંડેસરાની અવિર્ભાવ સોસાયટી-૨માં ગઈકાલે બપોરે ધોળા દિવસે લાકડાના ફટકા સાથે ત્રાટકેલી નાગસેન નગરની એક ટોળકીએ આખા વિસ્તારને બાનમાં લીધો હતો.

પાંડેસરા અવિર્ભાવ સોસાયટી વિભાગ-૦૨માં રહેતા અંકિત લાલાભાઇ પટેલ (ઉ.વ.૩૦) ગઇ તારીખ ૨૪ મે ૨૦૨૬ ના રોજ બપોરે આશરે ૧૨:૩૦થી ૧ વાગ્યાના સમયગાળામાં અંકિતભાઈ પોતાના ઘરે હાજર હતા. આ દરમિયાન અચાનક સોસાયટીમાં જોરજોરથી બુમાબુમ થતાં અંકિતભાઈ અને તેમની પત્નીએ રૂમની બારીમાંથી નીચે જોયું હતું. સોસાયટીમાં નાગસેન નગરના ચાર માથાભારે શખસો હિમાંશુ ઉર્ફે ગોલુ, રાહુલ, શુભમ અને રાજુ ઉર્ફે રાજુ કાણીયો હાથમાં લાકડાના ફટકા લઈને આતંક મચાવી રહ્યા હતા અને ત્યાં પાર્ક કરેલી ઓટો રીક્ષા, ટેમ્પો તથા બાઈક જેવા વાહનોમાં તોડફોડ કરી રહ્યા હતા. સોસાયટીમાં આ પ્રકારે નુકસાન થતું જોઈ અંકિતભાઈ અને તેમની પત્ની તુરંત જ નીચે દોડી આવ્યા હતા. તેમણે આરોપીઓને 'તમે અહીં કેમ તોડફોડ કરો છો?' તેમ કહેતા જ આ ચારેય નશાખોર ગુંડાઓ ઉશ્કેરાઈ ગયા હતા. આરોપીઓએ એકસંપ થઈ દંપતીને ઘેરી લીધું હતું, જેમાંથી હિમાંશુ ઉર્ફે ગોલુ નામના શખસે અંકિતભાઈને જાહેરમાં લાફો ઝીંકી દીધો હતો. તેમજ આ ટોળકીએ સમગ્ર સોસાયટી સામે જોઈ લેવાની અને અંકિતભાઈને જાનથી મારી નાખવાની ખુલ્લી ધમકી આપી હતી.

## શાળા બદલવા માટે NOCની ફરજિયાત પ્રથાને બંધ કરાઈ

**માત્ર** LCના આધારે જ મળશે પ્રવેશ : NOC માંગતી શાળાઓ સામે કાર્યવાહીનો ચેતાવણીભર્યો આદેશ

સુરતઃ નવા શૈક્ષણિક સત્ર પહેલાં શાળા બદલવા ઇચ્છતા વાલીઓ માટે જિલ્લા શિક્ષણ તંત્ર દ્વારા મહત્વપૂર્ણ રાહત આપવામાં આવી છે. સુરત જિલ્લા શિક્ષણાધિકારીએ સ્પષ્ટ સૂચના આપી છે કે હવે કોઈપણ શાળા વિદ્યાર્થીના નવા પ્રવેશ માટે વાલીઓ પાસે નો ઓબ્જેક્શન સર્ટિફિકેટ (NOC) માંગશે નહીં. માત્ર સ્કૂલ લીવિંગ સર્ટિફિકેટ (LC)ના આધારે જ પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ કરવાની રહેશે.

તાજેતરમાં વાલીઓ દ્વારા જિલ્લા શિક્ષણાધિકારી કચેરીમાં સતત એવી ફરિયાદો થઈ રહી હતી કે કેટલીક શાળાઓ વિદ્યાર્થીઓને અન્ય શાળામાં પ્રવેશ આપવા પહેલાં NOC રજૂ કરવા દબાણ કરતી હતી. જેના કારણે વાલીઓને વારંવાર શાળાઓના ધક્કા ખાવા પડતા હતા અને બાળકોના પ્રવેશમાં અનાવશ્યક વિલંબ સર્જાતો હતો. ખાસ કરીને નવા શૈક્ષણિક વર્ષ પહેલાં શાળા બદલવા માંગતા પરિવારો માટે આ પ્રક્રિયા મુશ્કેલીજનક બની રહી હતી. આ ફરિયાદોને ગંભીરતાથી લઈ જિલ્લા શિક્ષણાધિકારીએ શહેર તથા જિલ્લાના પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના આચાર્યોને સત્તાવાર પરિપત્ર પાઠવી નિયમોની યાદ અપાવી છે. પરિપત્રમાં જણાવાયું છે કે રાજ્ય સરકારના નિયમો મુજબ વિદ્યાર્થીને માત્ર સ્કૂલ લીવિંગ સર્ટિફિકેટ આપવાનું રહે છે અને અન્ય શાળામાં પ્રવેશ માટે NOC ફરજિયાત ગણાતું નથી. શિક્ષણ વિભાગના આ નિર્ણયને વાલીઓ માટે મોટી રાહત તરીકે જોવામાં આવી રહ્યો છે. કારણ કે અત્યાર સુધી ઘણી ખાનગી શાળાઓ NOCના નામે વાલીઓને અટકાવતી હોવાના આક્ષેપો થતા હતા. કેટલાક કિસ્સાઓમાં ફી સંબંધિત મુદ્દાઓને કારણે પણ વિદ્યાર્થીઓના દસ્તાવેજો અટકાવવામાં આવતા હોવાની ચર્ચાઓ સામે આવતી હતી. જિલ્લા શિક્ષણાધિકારીએ તમામ શાળાઓને આ સૂચનાનો કડક અમલ કરવા આદેશ આપ્યો છે. સાથે જ કોઈપણ શાળા દ્વારા નિયમ વિરુદ્ધ NOC માંગવામાં આવશે તો સંબંધિત સંસ્થા સામે દંડનીય કાર્યવાહી કરવામાં આવશે તેવી ચીમકી પણ ઉચ્ચારવામાં આવી છે.

## શાહપોરના બિલ્ડરના ઘરે એન્ટિક ચીજોની ચોરીનો પ્રયાસ

**સમગ્ર** ઘટના સીસીટીવીમાં કેદ

સુરતઃ શાહપોર ખાતે ધોળા દિવસે એન્ટીક વસ્તુ ચોરીના ઈરાદે ઘરમાં ઘૂસેલા એક અજાણ્યા તસ્કરનો સીસીટીવીને કારણે મોટો મનસૂબો નિષ્ફળ રહ્યો હોવાનો બનાવ સામે આવ્યો છે. ઘરના મુખ્ય દરવાજાને ખુલ્લો જોઈ તસ્કર અંદર તો ઘૂસી ગયો હતો, પરંતુ ઘરના સભ્યો સતર્ક થઈ જતાં તેણે કાંઈ પણ ચોર્યા વગર ભાગી છૂટવું પડ્યું હતું.

શાહપોર પટની હોલ પાસે રહેતા અને આર્કિટેક્ટ તેમજ બિલ્ડરના વ્યવસાય સાથે સંકળાયેલા ગુફરાન સલીમભાઈ કાનુગા (ઉં.વ. ૩૦) ગત શનિવાર, ૨૩ મેના રોજ બપોરે પોણા ત્રણ વાગ્યાના અરસામાં ગ્રાઉન્ડ ફ્લોર પર આવેલી પોતાની ઓફિસમાં કામ કરી રહ્યા હતા. તે જ સમયે તેમના પિતા સલીમભાઈએ ફોન કરીને જણાવ્યું કે, ઘરના એન્ટ્રી ગેટના સીસીટીવી કેમેરામાં કોઈ શંકાસ્પદ અજાણ્યો ઈસમ દેખાઈ રહ્યો છે.

ગુફરાનભાઈએ તાત્કાલિક ઓફિસના મોનિટર પર ચેક કરતા આ અજાણ્યો શખ્સ ગ્રાઉન્ડ ફ્લોર પર આવેલ એન્ટીક વસ્તુઓના સ્ટોર રૂમમાં ફરતો નજરે પડ્યો હતો. સીસીટીવીમાં તસ્કરને જોતાં જ ગુફરાનભાઈ ઓફિસની બહાર દોડી આવ્યા હતા. જોકે, ઘરના સભ્યોને સળવળાટ થતાં જ અજાણ્યો ચોર ત્યાંથી નાસી છૂટ્યો હતો. બનાવ અંગે તાત્કાલિક પોલીસને જાણ કરવામાં આવતા પોલીસે પણ ઘટનાસ્થળે દોડી આવી સ્થાનિકો સાથે મળીને તસ્કરને પકડવા શોધખોળ કરી હતી, પરંતુ તેનો કોઈ પત્તો મળ્યો ન હતો. ત્યારબાદ સ્ટોર રૂમમાં તપાસ કરતા કોઈ ચીજવસ્તુની ચોરી થઈ ન હોવાનું માલૂમ પડ્યું હતું. મુખ્ય એન્ટ્રી ગેટ ખુલ્લો જોઈ આ અજાણ્યો ઈસમ ચોરી કરવાના ઈરાદે ગેરકાયદેસર રીતે સ્ટોર રૂમમાં પ્રવેશ્યો હતો. પોલીસે ગુનો નોંધી સીસીટીવી ફૂટેજના આધારે તસ્કરને ઝડપી પાડવાના ચક્રો ગતિમાન કર્યા છે.

## ૧૩ કિલો ચરસના કેસમાં આરોપીને 10 વર્ષની કેદની સજા, 1 લાખ દંડ

**ડ્રગ્સ** સમગ્ર સમાજ અને યુવા પેઢી પર વ્યાપક અસર કરે છે

સુરતઃ ચરસ કેસમાં ચોર્યાસીના રાજગરી ગામનાં આરોપી જીતેન્દ્ર જગદીશભાઈ પટેલને સ્પેશિયલ એનડીપીએસ કોર્ટે ૧૦ વર્ષની સખત કેદની સજા અને રૂપિયા એક લાખનો દંડ ફટકાર્યો હતો. ત્યારબાદ સુનાવણી દરમિયાન આરોપી પક્ષે તપાસ અધિકારી મોદી સહિત બેને વિટનેશ તરીકે તપાસવામાં આવ્યા હતા. સુનાવણી પૂર્ણ થયાં બાદ સ્પેશિયલ એનડીપીએસ કોર્ટનાં જજ દેવેન્દ્ર સુરેશભાઈ જોષીએ સજાનો ચુકાદો આપ્યો હતો.

આ કેસની હકીકત મુજબ ઈચ્છાપોરના રાજગરી ગામના જીતેન્દ્ર જગદીશ પટેલના ઘરેથી ૯.૫૬ કરોડની કિંમતનું ૧૩ કિલોગ્રામ ચરસ મળ્યું હતું, પોલીસે આરોપીની વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો. આ કેસની સુનાવણી કોર્ટમાં ચાલી હતી.

આ કેસનો અંતિમ ચૂકાદો આવે તે પહેલા જ બચાવપક્ષના વકીલ દ્વારા કેટલાક સાક્ષીઓ તપાસવા માટે અરજી કરવામાં આવી હતી, જે અરજી કોર્ટે નામંજૂર કરી હતી. જેની સામે બચાવપક્ષ હાઇકોર્ટમાં રિવીઝન માટે ગયા હતા. હાઈકોર્ટે સુરતની સ્પેશિયલ એનડીપીએસ કોર્ટને આરોપીએ માંગ્યા મુજબના દસ્તાવેજો આપવા સાથે જ ટ્રાયલમાં આરોપીને સાંભળ્યા બાદ હાઈકોર્ટના નિર્દેશનું પણ પાલન કરીને યોગ્ય લાગે તે પ્રમાણે નવેસરથી વિચારણા કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો.

હાઈકોર્ટના નિર્દેશ બાદ કેસની ટ્રાયલ ફરી શરૂ થઇ હતી. બચાવપક્ષ દ્વારા બે સાક્ષીને તપાસવામાં આવ્યા હતા. ફરિયાદ પક્ષે સરકારી વકીલ જે. એન. પારડીવાળા ફરિયાદ પુરવાર કરવામા સફળ થયાં હતાં. આ કેસની સુનાવણી પૂર્ણ થયાં બાદ સ્પેશિયલ એનડીપીએસ કોર્ટે આરોપી જીતેન્દ્ર પટેલને ૧૦ વર્ષની સખત કેદની સજા સાથે એક લાખનો દંડ ફટકાર્યો હતો.

એનડીપીએસ કોર્ટે ચુકાદામાં નોંધ્યું હતું કે ડ્રગના ઉપયોગનાં પરિણામો વ્યાપક છે, જેના કારણે વપરાશકર્તાઓને કાયમી શારીરિક અને ભાવનાત્મક નુકસાન થાય છે સાથે તેમના પરિવારો, સહકાર્યકરો અને ઘણા અન્ય લોકો પર નકારાત્મક અસર પડે છે. ડ્રગના દુરુપયોગના દૂરોગામી પરિણામો છે જે વ્યક્તિથી આગળ વધે છે અને સમગ્ર સમાજ પર અને ભારતની યુવા પેઢી પર નોંધપાત્ર અસર કરી શકે છે. ડ્રગ્સના કારણે ઘણા અન્ય ગંભીર ગુનાઓ પણ વધે છે.